અમદાવાદ (રુરલ)ના બીજા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં

ફોજદારી કેસ નં. 7381/18

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ.

આંક-16

આરોપી : (૧) ઠરિ શિવરાજ સોની

ગુન્હો :- જુગાર ધારા કલમ ૧૨ મુજબ.

(૧) ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આરોપીએ તા: __________ આરોપીઓ સરખેજ પોલીસ સ્ટેસન વિસ્તારમાં/જગ્યામાં ગંજીપાનાથી હારજીતનો જન્ના મન્નાનો જુગાર રમી રમાડી જુગારના સાધનો ગંજીપાના તથા રોકડ, મુદ્દામાલ સાથે મળી આવી ગુન્હો કરેલ છે.

(૩) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી. આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપી નં.૫ એ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીઓ ની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપી નં.૫ એ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીઓ ની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ

Scanned by TapScanner

પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ:

આરોપીઓ નાએ ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રુ.૨૦૦/-(રૂપિયા બસો પુરા) દંડ, દંડ વિકલ્પે ૮ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

મુદ્દામાલ પૈકી તમામ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા બાકીના મુદામાલનો નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

તા. ૧૪/૦૯/૨૦૧૯.

સ્થળ:- મીરઝાપુર,અમદાવાદ

બીજા એડી.જ્યું. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.

અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર

Scanned by TapScanner